# શેળોએ બચાવ્યું કચ્છ


વાર્તા: અશીષ કોઠારી

ચિત્રાંકન: અનુષા મેનન




# શેળોએ બચાવ્યું કચ્છ

## પ્રકાશક


કલ્પવૃક્ષ
૫, શ્રી દત્તકૃપા
૯૦૮ ડેક્કન જિમખાના
પુણે ૪૧૧૦૦૪
ફોન ૦૨૦ ૨૫૬૫૪૨૩૯
www.kalpavriksh.org

સહજીવન
૧૭૫ જલારામ સોસાયટી
વિશ્વમંગલ અપાર્ટમેન્ટની પાછળ,
વિજયનગર, ભુજ ૩૭૦૦૦૧
ફોનઃ ૦૨૮૩૨ ૨૫૧૮૧૪
www. sahjeevan.org

રીચ ટૂ ટીચ
૧૦, બાર્લી મો પેસેજ
ચિસ્વિક
લંડન W44PH
www.reach-to-teach.org

કચ્છ નવ નિર્માણ અભિયાન
૭૦/બી, બેંકર્સ કોલોની, ગેટ-૩
જ્યુબિલી ગ્રાઉન્ડ સામે
ભુજ ૩૭૦૦૦૧
ફોનઃ ૦૨૮૩૨ ૨૨૫૭૭૨
www.kutchabhiyan.org


## શ્રેય


વાર્તાઃ અશીષ કોઠારી

ડીઝાઇનઃ તાન્યા મજમુદાર

અનુવાદઃ રૂપા મજમુદાર

મુદ્રણઃ મુદ્રા, પુણે

ચિત્રાંકનઃ અનુષા મેનન



અવનિ ચોક્શી, નંદિની ઓઝા, નીમા પાઠક, નિમેષ વેદ, પંકજ જોશી, સમીર શેખ, સંદીપ વિરમાણી, સુજાતા પદ્મનાભન, સુષ્મા દુર્વે અને વંદના સિંઘના અમે આભારી છીએ.



કોપીરાઈટ (૨૦૧૪)ઃ ઉપર જણાવેલ તમામ સંસ્થાઓ સંપૂર્ણ રીતે આ પુસ્તિકાને પ્રકાશિત કરવા માટેનો હક્ક ધરાવે છે.





# શેળોએ બચાવ્યું કચ્છ

“શું થયું શેળોબાબી?” માના ધ્યાનમાં આવી ગયું કે દરરોજ તો ભોજન પીરસાતાની સાથે જ ઉત્સાહથી એના પર તૂટી પડતી શેળો આજે નાના નાના કોળિયા ભરતી હતી. નવાઈની વાત હતી, કારણ કે આજે તો એ આખા કુટુંબ માટે ખાસ સ્વાદિષ્ટ ગરોળીઓ લાવી હતી. જમીનના તળની નીચે આવેલા તેમના દરના સૌથી મોટા કક્ષમાં તેઓ સૌ ભોજન માટે ભેગા થયા હતા.



શેળોએ માથું ઊંચું કરીને જોયું, બોલી, “મા, આજે હું મારા મિત્રો સાથે બહાર મેદાનમાં રમતી હતી ત્યાં મેં કેટલાક તદ્દન અજાણ્યા માણસોને જોયા. એમની પાસે કંઈક વિચિત્ર સાધન હતું અને તેઓ એ સાધનમાંથી જોતાં જોતાં આખા મેદાનમાં ફરતા હતા.”

પિતા બોલ્યા, “ચિંતા ન કર, બાબી, કદાચ સામાન્ય મુલાકાતીઓ જ હશે.” પણ આ જવાબથી શેળોને સંતોષ ન થયો. સ્વભાવે એ ઘણી જિજ્ઞાસુ હતી. (એનાં માતા-પિતા ક્યારેક ફરિયાદ પણ કરતાં કે એ બહુ પ્રશ્નો પૂછે છે!) એણે મનોમન નક્કી કરી લીધું કે એ બીજે દિવસે તપાસ કરવા જશે. પણ એણે એનાં માતા-પિતાને કશું જણાવ્યું નહિ, ક્યાંક એને જવાની ના પાડી દે તો? ભલેને હજુ સુધી એ લોકો એને ‘બાબી’ કહીને જ બોલાવતા હોય, પરંતુ એને એમ લાગતું હતું કે એ પોતાની મેળે કંઈક કરી શકે એટલી મોટી તો થઇ જ ગઈ છે.





બીજે દિવસે સવારે, પોતે રમવા જાય છે એમ કહીને શેળો ઘરની બહાર નીકળી ગઈ. પરંતુ, એના મિત્રોને મળવાની એની રોજિંદી જગ્યાને બદલે એ સીધી ઘો કાકાને ત્યાં પહોંચી ગઈ. રણની મોટી ગરોળી ઘો કાકા આખો દિવસ ઘાસિયાભૂમિ તેમ જ રણમાં ભમ્યા કરતા હોય છે. આ જ ઘાસિયાભૂમિના તળની નીચે એક દર બનાવીને શેળોનું કુટુંબ રહેતું હતું. શેળોએ વિચાર્યું કે કદાચ ઘો કાકાને ખબર હોય કે પેલા માણસો કોણ હતા.



ઘો કાકા એમનો સવારનો નાસ્તો વાંદા અને ઈંડાં ખાવામાં વ્યસ્ત હતા. એ શેનાં ઈંડાં હતાં તેની શેળોને ખબર ન પડી. શેળોને આવેલી જોઇને ઘો કાકાએ તેને થોડો નાસ્તો લેવા કહ્યું, પરંતુ શેળો એના પ્રશ્નોના જવાબ મેળવવા માટે એટલી ઉતાવળી હતી કે એણે નાસ્તા તરફ ધ્યાન ન આપતાં સીધો પ્રશ્ન જ પૂછી લીધો, “ઘો કાકા, ગઈ કાલે તમે આપણા મેદાન પર કેટલાક અજાણ્યા માણસોને ફરતા જોયેલા?” શેળો કદી સ્વાદિષ્ટ નાસ્તો છોડે નહિ એ વાત ઘો કાકા સારી રીતે જાણતા હતા, એટલે મનોમન હસીને એમણે ઉત્તર આપ્યો, “હા, મને પણ વિચાર તો આવેલો કે એ લોકો કોણ હશે અને અહીં શું કરતા હશે? પણ હું નથી જાણતો... આપણે આપણા મિત્ર સસલાને પૂછીએ?”



ઉત્સુકતાથી માથું હલાવી સંમતિ આપતી શેળોને જોઈ ઘોએ ઝડપથી જીભ ફેરવી પોતાના મોં પર ચોંટેલું ખાવાનું ચાટી લીધું. શેળોનું ધ્યાન ખેંચાયું કે ઘોની જીભ સાપની જીભની જેમ આગળથી બે ફાંટાવાળી હતી. અને એણે મનોમન નક્કી કર્યું કે તે એમને પૂછી જોશે કે એવું શામાટે છે. અત્યારે તો સસલાના ગુપ્ત ઘર તરફ ટપ-ટપ કરતા મધ્યમ ગતિએ જતા ઘોની પાછળ-પાછળ દોડવામાં જ એણે સંતોષ માન્યો.





સસલું ઘરે જ હતું, બહાર જવાની તૈયારી કરતું હતું. પરંતુ એનું શરીર જમીન જેવા જ રંગનું હોવાથી આસપાસની જગ્યા સાથે એ એવું ભળી ગયું હતું કે એને શોધવું મુશ્કેલ પડે. સસલાને શોધવા ક્યાં જોવું અને શું જોવું તેની જો ઘોને ખબર ન હોત તો સસલું દેખાયું જ ન હોત. ઘો અને શેળો જાણતા હતા કે તેમણે જમીનમાંથી નીકળતી લાંબી, પાંદડાના આકારની એક વસ્તુની જોડી શોધવાની હતી. એ સસલાના લાંબા કાન હતા. ઘો કાકા જાણતા હતા કે આ કાન જ હતા જે એમનું કુતૂહલ સંતોષવામાં મદદરૂપ થઇ શકે તેમ હતા, કારણ કે સસલાના લાંબા કાનની વિશેષતા એ હતી કે એ દૂર-સુદૂરથી આવતો આછો અવાજ પણ સાંભળીને, એક યંત્રની જેમ તેને નોંધી લેતા હતા.




સસલાએ કશુંક સાંભળેલું તો ખરું. પેલા માણસો મેદાનની એક તરફ એક મકાન બાંધવાની અને બીજા છેડે ગાડીઓ ઊભી રાખવા માટે જગ્યા ફાળવવાની વાતો કરતા હતા. અને પાસેના તળાવની અંદર સુધી નાખવાની એક લાંબી પાઈપની પણ કંઈક વાત કરતા હતા. છેલ્લે સસલાએ સહેજ ઉદાસ થઈને જણાવ્યું કે આથી વધુ કોઈ વિગત એણે સાંભળી નથી. (સસલાને લંબાણથી વાતો કરવી ખૂબ ગમતી.)

આ પ્રશ્નમાં વધુ માહિતી કેવી રીતે મેળવવી તેની ચર્ચા તેઓ શરૂ કરવાના જ હતા એવામાં તેમના પર એક પડછાયો પડ્યો. શેળો, ઘો અને સસલું, ત્રણેએ ચમકીને ઉપર નજર કરી, પણ પછી તરત એમણે નિરાંતનો શ્વાસ લીધો. આકાશમાં ઊડતો ઢોરબગલો તેમની પાસે આવવા નીચે આવતો હતો.







તળાવ પર ઊડતાં ઊડતાં તેની નજર આ ત્રણે પર પડી, એને કુતૂહલ થયું કે શું વાત હશે, આ ત્રણે ભેગાં મળીને શું ચર્ચા કરતાં હશે. અને એ જાણવા માટે એ નીચે આવ્યો. “કેમ છો મારા જમીનના દોસ્તો... આ નાનકડી સભા શામાટે ભરી છે?” એણે જરા ગર્વભર્યા લહેકાથી પૂછ્યું, જે સસલાને ન ગમ્યું, પણ એ કાંઈ ન બોલ્યું. આ રહસ્ય ઉકેલવામાં કદાચ આ બગલો કામ લાગે એમ હતું, કારણ કે એ અને એના કુટુંબીજનો દૂર-સુદૂર સુધી ભ્રમણ કરતા.

બગલાએ એનાં આંખ અને કાન ખુલ્લાં રાખ્યાં જ હતાં. એણે માત્ર અજાણ્યા માણસોને જ નહીં, અન્ય વિચિત્ર પ્રાણીઓને પણ જોયાં હતાં. ત્યાં વિશાળકાય, ચાર પગવાળાં અને જબરજસ્ત જડબાવાળાં પ્રાણીઓ હતાં.  માણસો તેના પર સવાર થઈને મેદાન તરફ જતા હતા. એને સમજ તો નહોતી પડી કે આ બધું શું છે, પણ એ પ્રાણીઓ એના તળાવ તરફ નહોતાં જતાં એટલે એણે એ વિષે ઝાઝો વિચાર નહોતો કર્યો. પરંતુ, એણે જ્યારે જાણ્યું કે સસલાએ તળાવ ભણી પાઈપ નાખવા વિષે કંઈક સાંભળ્યું છે ત્યારે એના મનમાં પણ ચિંતા પેઠી.





ચારેય પ્રાણીઓનો એક જ મત થયો, કે આ પરિસ્થિતિને સંપૂર્ણપણે જાણતું હોય એવું એક જ પ્રાણી છેઃ માનવી. ના, એમણે જોયેલા પેલા અજાણ્યા માણસો નહીં, પણ બાપદાદાઓના કહેવા મુજબ જાણે અનાદિકાળથી આ મેદાનો અને ઘરોમાં એમની સાથે રહેતા આવ્યા છે તેવા માણસોઃ માલધારીઓ.

માલધારીઓ પાસે સીધા જ પહોંચી જવામાં એમને ડર લાગતો હતો. ગમે તેટલો મિત્રભાવ બતાવતા હોય, પણ માનવીઓના મનમાં ખરેખર શું ચાલતું હશે તે કોણ જાણે! એટલે એમણે બીજો રસ્તો અપનાવ્યો. તેઓ કાળા પાડા પાસે ગયા. વિશાળકાય કાળા પાડાનું કદ જેટલું વિશાળ હતું તેટલું જ નરમ એનું દિલ હતું. ઢોરબગલાને પાડા સાથે સારી મૈત્રી હતી. એ એની પીઠ પર બેસીને એના શરીર પરનાં બગઈ ને જીવડાં ચૂંટી કાઢતો.



ચારે જણ પાડા પાસે ગયા. ગયા અઠવાડિયે જ પડેલા વરસાદને લીધે ઊગી નીકળેલા કૂણા ઘાસ પર પાડો શાંતિથી ચરતો હતો. એમની વાત સાંભળીને એ તરત એમને પોતાના માલિક સુલેમાનકાકા પાસે લઇ ગયો.

“અરે, આટલો જલ્દી પાછો આવી ગયો? રોજ તો તારા કાન પકડીને ખેંચી ન લાવું ત્યાં સુધી તું બહાર ચર્યા કરતો હોય છે,” સુલેમાનકાકાએ વહાલથી પાડાને કહ્યુ. આ સાંભળીને શેળો અને બગલો હસી પડ્યા, પણ પાડાએ એ તરફ ધ્યાન ન આપ્યું, અને એમણે જે વાત કહેલી તે એણે સુલેમાનકાકાને કહી સંભળાવી.



સુલેમાનકાકા ગંભીર થઇ ગયા. “ગઈ કાલે જ મેં સાંભળેલું કે આ જમીન પર એક કારખાનું બાંધવાની અને એનો કચરો તળાવમાં ઠાલવવાની યોજના ઘડાઈ રહી છે. એ લોકો તો મીઠું અને પથ્થર મેળવવા માટે રણમાં ખાણ પણ ખોદવાના છે. આ ઘાસિયાભૂમિના પેલે છેડે એમણે કાર્યાલય પણ બનાવી દીધું છે. જો આ યોજનાનો અમલ થશે તો આપણે બધાં તો અહીંથી ફેંકાઈ જ જઈશું! તમને કોઈને કશી હાનિ ન પહોંચે એ રીતે અમે સેંકડો વર્ષથી આ પ્રદેશમાં રહ્યાં છીએ. એ લોકો આમ પોતાને મનફાવતું ન કરી શકે! આપણે સૌએ કંઈક કરવું જોઈએ... પણ શું?”



શેળો અને એના મિત્રો આ સાંભળીને સ્તબ્ધ થઇ ગયા. એમણે એકમેક સામે જોયું અને બધા વચ્ચે એક મૌન સંમતિ થઇ: સૌ આ વિષે કંઈક વિચારશે. પણ ખરું પૂછો તો તેઓ પોતે જાણતા નહોતા કે તેઓ શું કરશે, એટલે એમણે સુલેમાનકાકા પાસે પોતાની મૂંઝવણ પ્રગટ ન કરી. એમણે સુલેમાનકાકાને માત્ર એટલું જ પૂછ્યું કે પેલું ચાર પગ અને વિશાળ જડબાવાળું પ્રાણી કયું છે? હસીને એમણે જવાબ આપ્યો કે એ કોઈ પ્રાણી નથી, એ તો માણસોએ બનાવેલું મશીન છે જે જમીન અને પથ્થરોને ખોદી નાખે છે.



આવી પડેલી આફત પર તાત્કાલિક વિચારણા કરવા માટે એ સાંજે એક સભા ભરાઈ. શેળો, ઘો, બગલો,સસલું અને પાડો હાજર હતા. જો કે પાડો થોડો કકળાટ કરતો હતો કારણ કે રોજની જેમ આજે એને તળાવના કાદવ-કીચડમાં મોજથી પડી રહેવા નહોતું મળ્યું. એમની સાથે રણની સફેદ ઉંદરડી પણ જોડાઈ. ઉંદર જેવું જ આ પ્રાણી શેળોની જેમ ઘાસિયાભૂમિના દરમાં રહેતું હતું. ત્યાં શાહુડી પણ હાજર હતી. એણે એનાં તીક્ષ્ણ પીંછાં કાળજીપૂર્વક શરીર સાથે દબાવી રાખ્યાં હતાં, ક્યાંક કોઈને ભૂલથી ઘોંચાઈ જાય તો? ઊંટ થોડો મોડેથી આવ્યો. એણે બહાનું આપ્યું કે પોતે ટ્રાફિકમાં ફસાઈ ગયો હતો. ગાય, ભેંસ અને ઊંટનાં ધણ એમના વાર્ષિક સ્થળાંતર માટે નીકળી પડ્યાં હતાં, તેથી ઘાસિયાભૂમિની રોજિંદી કેડીઓ પર ચાલવાની જગ્યા નહોતી.





અન્ય બધાં પ્રાણીઓ એના કરતાં મોટાં હોવાથી જરાક સંકોચ પામતી શેળોએ સભાને સંબોધતાં કહ્યું, "ઘો કાકા, સસલાભાઈ, પાડાજી, ઊંટકાકા, શાહુડીબેન અને ઉંદરડીબેન, તમે સૌ જાણો છો કે આ ઘાસિયાભૂમિ તમારા સૌને માટે કેટલી મહત્ત્વની છે ! અને બગલાભાઈ,એ લોકો તમારું તળાવ પ્રદૂષિત કરી નાખશે તો શું થશે? અને, માછલીઓનો તો વિચાર કરો, એ બધી તો બિચારી મરી જ જશે! દેશાંતર કરી શિયાળામાં અહીં આવતા આપણા પક્ષીમિત્રોનું સ્વાગત આપણે કેવી રીતે કરીશું? અને રણના આપણા મિત્રો... એમની રેતીમાં ખોદકામ થશે તો એમનાં તો ઘર જ નષ્ટ થઇ જશે. બાવળ, ગાંગણી, લિઆર, લુસકા વગેરેનાં વૃક્ષો કપાઈ જશે તો આપણા પક્ષીમિત્રોને ન તો કશે બેસવાની જગ્યા મળશે અને ન કશું ખાવા મળશે. આપણે કશુંક તો કરવું જ જોઈએને?"





મોટાં પ્રાણીઓની સભાની બાજુમાં નાનાં બચ્ચાંઓ પણ એક નાનું વર્તુળ બનાવીને બેઠાં હતાં. શેળોએ કહેલી વાતથી ઉત્તેજિત થઇ મોટાં પ્રાણીઓ ચર્ચા કરવામાં વ્યસ્ત હતાં. શેળો એના નાના મિત્રો પાસે ગઈ અને ત્યાં એણે બીજું એક નાનકડું ભાષણ આપ્યું. (એ હવે જુસ્સામાં આવી ગઈ હતી!) “મિત્રો, એ કારખાનું બંધાશે તો આપણને રમવા માટે કોઈ જગ્યા જ નહિ રહે, આપણાં ઘર પણ નષ્ટ થઇ જશે! એવું પણ બને કે કોઈ દુષ્ટ માણસો આપણને પકડી લે ને કશેક લઇ જાય...આપણાં ઘર અને આપણાં માતા-પિતાથી દૂર!” બધાં નાનાં પ્રાણીઓના મોંમાંથી સિસકારો નીકળી ગયો. નાનકડા વરુબાબાની આંખમાં તો આંસુ ભરાઈ આવ્યાં. પણ એ હિંમતપૂર્વક બોલ્યો, “હું મારાં મમ્મી-પપ્પાને આ વાત કરીશ, એ લોકો આપણું રક્ષણ કરશે!”

મોડી સાંજ સુધી સભા ચાલી. હજી લાંબી ચાલત, પણ એવામાં શેળોની માએ આવીને શેળોબાબીને આટલે મોડે સુધી બહાર રાખવા માટે બધાં પ્રાણીઓને ધમકાવ્યાં. બધાં નાછૂટકે છૂટા પડ્યાં, પરંતુ ત્યાં સુધીમાં યોજના લગભગ ઘડાઈ ચૂકી હતી.





બીજે દિવસે સવારે શેળો એનો નાસ્તો ઝટપટ પતાવીને બહાર સરકી ગઈ. એ સફેદ ઉંદરડીની વસાહત પર પહોંચી. ઉંદરડીએ અન્ય સોએક ઉંદરને ભેગા કરેલા જોઈ એ આશ્ચર્ય પામી ગઈ. એમણે ચિચિયારી પાડીને શેળોને આવકારી, પણ શેળો કાંઈ બોલે તે પહેલાં જ ‘આવજો’ કહી બધા વિખરાઈ ગયા! આ ઉંદરો શું કરવા ધારે છે તે ઉંદરડીએ હજી જણાવ્યું નહોતું એટલે શેળો જરા વિમાસણમાં પડી ગઈ.



પણ એ વિમાસણ બહુ જલ્દી ઊકલી ગઈ. થોડી જ વારમાં શાહુડી એની ખોડંગાતી ચાલે આવી પહોંચી. એણે એની પીઠ કમાનની જેમ વાળી અને દસ-બાર જેટલાં તીક્ષ્ણ પીંછાં શેળોની બાજુમાં જમીન પર પાડ્યાં. શેળો ચમકીને બે ડગલાં પાછળ હટી ગઈ! "આભાર, શાહુડી," શેળો બોલી, "આ પીંછાં ઘણા કામમાં આવશે, પણ અત્યારે તો તું જાણે મને મારી જ નાખત!" શાહુડી જરા શરમાળ પ્રાણી હતી. દિવસ કરતાં રાત્રે બહાર નીકળવાનું એ વધુ પસંદ કરતી. માંડ સંભળાય એવા અવાજે "હું મદદરૂપ થઇ શકીશ જાણીને આનંદ થયો" કહી એ ગબડીને પાછી પોતાના દરમાં ઘૂસી ગઈ.







મેદાનમાં આ બધું ચાલી રહ્યું હતું ત્યારે તળાવ પાસે બગલો આ યોજનાના પોતાના હિસ્સાનો ભાગ ભજવી રહ્યો હતો. એણે મગરને તળાવના કિનારે બોલાવ્યો (મગરની બહુ નજીક જવાની એની ખાસ ઈચ્છા તો નહોતી જ!) એણે મગરને જણાવ્યું કે કારખાનાનો કચરો તળાવમાં ઠલવાશે તો એમનાં ઘરનો નાશ થઇ જશે. મગર ઘણો જ ભયભીત થઇ ગયો, પૂછવા માંડ્યો કે આમાંથી બચવા માટે શું કરી શકાય. મોટા અવાજે થતી આ વાતચીત સંભાળીને કેટલીયે માછલીઓ અને કાચબા પણ થોડી થોડી વારે પાણીમાંથી માથું બહાર કાઢીને વાતચીતમાં જોડાયાં. ખોરાકની શોધમાં આમતેમ ઊડતા કેટલાંક પતંગિયા અને વાણિયા પણ ત્યાં આવી પહોચ્યાં. બધાએ સાથે મળીને એક યોજના ઘડી.



આ દરમ્યાન, તેમની ઘાસિયાભૂમિના કિનારાથી શરૂ થતા વિશાળ ખારા રણ પર પહોંચવા માટે ઘો, તેના ટૂંકા પગથી શક્ય હોય તેટલી ઝડપથી દડબડ દડબડ કરતો નીકળી પડ્યો. જતાં જતાં, માથે તોળાતા આ જોખમ વિષે વરુને જણાવવા એ રસ્તામાં વરુની ગુફા પાસે થોભ્યો. પરંતુ તાત્કાલિક વિચારણા માટે આગલા દિવસે ભરાયેલી સભામાં વરુનું બચ્ચું હાજર હતું, એટલે વરુને આ બાબતની જાણ હતી. રણના છેવાડે ઘોને ઘુડખરનું ધણ મળ્યું. ધણનો સરદાર ઘુડખર જરા અહંકારી મિજાજનો હતો, કદાચ એટલે, કે એને એવું કહેવામાં આવ્યું હતું કે એ તો એક બેજોડ પ્રાણી છે, જે દુનિયાના માત્ર આ જ વિસ્તારમાં દેખા દે છે. પરંતુ, જેવું એણે જાણ્યું કે એના રહેઠાણમાં ખાણના ઉદ્યાગનું કામ ચાલુ થવાની શક્યતા છે એવો જ એનો બધો અહંકાર ઓગળી ગયો, અને ઘોની યોજનામાં ભાગ લેવા એ તૈયાર થઇ ગયો.







એ રાતે શેળોને સરખી ઊંઘ જ ન આવી. એ જાણતી હતી કે દરેક જણ પોતાને સોંપાયેલું કામ પાર પાડવા માટે નીકળી પડ્યું હશે. મગર તથા વરુ એક તરફ ગયા હશે અને શાહુડી બીજી તરફ. અને સેંકડો સફેદ ઉંદર કોઇને દેખાય નહિ એમ કશેક તો હશે જ.



બીજા દિવસની સવારે આકાશ તદ્દન ચોખ્ખું અને પ્રકાશમય હતું. પેલા મોટા જડબાવાળું વાહન ચલાવનાર માણસોએ તેનું એન્જિન ચાલુ કર્યું. આજે તેઓ ઘાસિયાભૂમિ પર જઈને ખોદકામ ચાલુ કરવાના હતા. એ લોકો વહેલા નીકળી પડેલા, જેથી બપોરનો સૂરજ ખૂબ તપે તે પહેલાં બને તેટલું કામ પતાવી દેવાય. ઘરઘરાટી કરતા ખુશમિજાજમાં તેઓ આગળ ધપતા હતા. એમાંનો એક તો ગાવા પણ માંડેલો. એવામાં એમણે બે મોટા ધડાકા સાંભળ્યા. અને એમનું વાહન, એક ઝાટકો મારી, લથડિયું ખાઈને અટકી પડ્યું! ડ્રાઈવર અને એનો સાથીદાર ગાવાનું બંધ કરી, ગુસ્સાથી બબડતા-બબડતા નીચે ઊતર્યા. એમના વાહનનાં બે ટાયરો ફાટી ગયેલા જોઇને તેઓ હેબતાઈ ગયા. નજીકથી જોતાં એમને જણાયું કે બંને ટાયરમાં શાહુડીનાં કેટલાંય અણીદાર પીંછાં ખૂંપી ગયેલાં!!!

હવે, આવા મહાકાય વાહનનું એક ટાયર બદલવાનું કામ પણ કેટલું અઘરું હોય તેની તો તમે કલ્પના કરી શકો છો. એમાં અહીં આ બે ટાયર બદલવા એ તો ભયાનક દુ:સ્વપ્ન સમું હતું. ડ્રાઈવરે એની કંપનીના કાર્યાલયમાં ફોન કરીને મદદ મોકલવા કહ્યું અને કોઈ આવે ત્યાં સુધી એક બાજુએ બેસી ગયો.







આ તબક્કે એમને માટે એક બીજો આઘાતજનક બનાવ બન્યો. આખું વાહન ધીમે ધીમે જમીનમાં ખૂંપી જવા માંડ્યું. એમને પોતાની આંખો પર વિશ્વાસ ન બેઠો. તદ્દન સારો-સમો, મજબૂત દેખાતો રસ્તો અચાનક બેસવા માંડેલો. તેઓ નિ:સહાય બનીને જોતા જ રહ્યા અને જમીન જાણે અડધું વાહન ગળી ગઈ. થોડી જ વારમાં વાહનનો માત્ર ઉપરનો ભાગ તથા મોટા જડબા જ બહાર રહ્યા!



અને ત્યારે, તેમને ત્રીજો આંચકો લાગ્યો. (તમને ખબર છે ને કે ભારતમાં બધી ઘટના ત્રણ વાર બને છે!) જમીનમાંથી નાનકડા ઉંદરોનાં ટોળેટોળાં નીકળી આવ્યાં (એમને એમ લાગ્યું કે એ સામાન્ય ઉંદર હતા, પણ હકીકતમાં એ રણના સફેદ ઉંદર હતા), અને અતિ આનંદથી ચિચિયારી પાડતા નાચવા માંડ્યા! "મને વિશ્વાસ નથી બેસતો," ડ્રાઈવરે તેના સાથીદારને કહ્યું, "આ નક્કામા ટીણકા ઉંદરોએ આપણા વાહન નીચેની જમીન ખોદી કાઢી લાગે છે!" એ લોકોનું ધ્યાન નહોતું ગયું કે એક ખૂણામાં શાહુડી ઊભી ઊભી ગર્વથી મલકાતી હતી. (એ થોડી ઊંઘમાં પણ હતી.) એ જાણતી હતી કે એણે એનાં પીંછાં બરાબર જગ્યાએ જ વેર્યાં હતાં!





થોડા કિલોમીટર દૂર આવેલી રિલ્દાણી ઈન્ડસ્ટ્રીઝ લિ.ના કાર્યાલયમાં મદદ માટે મેનેજર પર ડ્રાઈવરનો ફોન તો આવેલો, પરંતુ એ કે એનો સહાયક ક્યાંય જઈ શકવાની સ્થિતિમાં જ નહોતા. જમીનમાં ખૂંપી ગયેલા વાહનની મદદે જવા માટે એમણે એમના કાર્યાલયનો દરવાજો ખોલ્યો તો ત્યાં બહાર જ, ભયાનક દાંત દેખાડતું મોટું જડબું ફાડીને બેઠેલા મગર તથા લુચ્ચું મલકાતા વરુને જોયા.

ગભરાઈને નાછૂટકે એમણે એમના ભુજ કાર્યાલયમાં ફોન જોડ્યો. રિલ્દાણી ઈન્ડસ્ટ્રીઝના માલિક શ્રી જગદંબા નિડાણી આખી કથની સાંભળીને ખૂબ ગુસ્સે થઇ ગયા. એમણે માણસોના મોટા કાફલાને લઈને કારખાનાની જગ્યાએ જવાનું નક્કી કર્યું. એ મનોમન બોલ્યા, "એ જનાવરોને તો હું બરાબર પાઠ ભણાવીશ." અને ડ્રાઈવરને બને તેટલી ઝડપથી ખટારો હાંકવાનું કહ્યું.



અડધે રસ્તે ખટારો જોરદાર બ્રેક મારીને ઊભો રહી ગયો. રસ્તા પર એમની આગળ ગાઢું ધુમ્મસ છવાયેલું હતું. ફરક માત્ર એટલો હતો કે એ ઝબૂકતું, હાલતું-ફરતું અને ડઝનબંધ રંગોનું બનેલું દેખાતું હતું. શ્રી નિડાણી અને એમના સાથીદારો આશ્ચર્યચકિત થઇ ગયા. એમણે અગાઉ આવું કશે નહોતું જોયું. ખૂબ ધ્યાનથી જોવાથી એમને ખ્યાલ આવ્યો કે એ તો જમીનથી થોડે જ ઉપર હજારો-લાખોની સંખ્યામાં ઊડતા પતંગિયા, તીતીઘોડા અને વાણિયા હતા. એમને લીધે રસ્તા પર આગળ કશું જ દેખાતું નહોતું.

છેવટે એ ટોળું વિખરાયું, પણ એ પછી એ લોકોએ જે જોયું તે તો એનાથી પણ વધારે અચંબો પમાડે તેવું હતું.



એમની આગળ રસ્તા પર તેમ જ રસ્તાની બંને બાજુએ એક સરઘસ એમના તરફ આવતું હતું, માણસોનું નહિ, પ્રાણીઓનું! ક થી જ્ઞ સુધીની કક્કાવારીના પુસ્તકના દરેક પાના પરનું પ્રાણી જાણે જીવંત બનીને સરઘસમાં જોડાયું હતું. ઘુડખર, ઊંટના કાફલાના કેટલાય ઊંટ, અને પાડાની આગેવાની હેઠળ બીજી કેટલીક ભેંસ સરઘસમાં મોખરે હતી, જાણે મોખરે રહીને તેઓ પાછળ આવતાં અન્ય નાનાં પ્રાણીઓને રક્ષણ આપતા હતા. કેટલાક કાચબા આ ભેંસોની પીઠ પર સવાર થયેલા હતા. તેઓ તેમના તળાવમાંના ઘરમાંથી બહાર નીકળવાને પરિણામે સુકાઈ ન જાય તે માટે તેમના મિત્રો ઢોરબગલો, અન્ય બગલા, કુંજ પક્ષી અને ઢોંક એમના પર પાણીનો સતત છંટકાવ કરતા હતા. પાડાની પીઠ પર (તમે તો જાણો જ છો કે એ કેટલી વિશાળ હોય છે!), આગલે દિવસે શેળોનું ભાષણ સાંભળવા એકઠા થયેલાં નાનાં બચ્ચાંઓ પણ બિરાજમાન હતાં.






આ મોટાં પ્રાણીઓની પાછળ વરુના મિત્રો શિયાળ અને રણલોંકડી હતાં. (વરુ તો હજી કંપનીની ઓફિસ પર ચોકી કરતો જ બેઠો હતો.) આ સરઘસને રોકવાનો કોઈ પ્રયાસ ન કરે તે માટે આમાંનાં કેટલાંક પ્રાણીઓ થોડી થોડી વારે પોતાના ભયાનક દાંત બતાવતાં હતાં. એમના પછી, કાન સતર્ક રાખીને સસલું તેમ જ તેના અન્ય સાથી-સસલા આવતા હતા. ...જો કે, તેઓ તેમની આગળ ચાલતા વરુઓથી સલામત અંતર રાખીને ચાલતા હતા... ક્યાંક એકાદ વરુની ભૂખ ઊપડે અને એ આમાંના એકાદ સસલાનું ભોજન કરવા તૈયાર થઇ જાય તો? ઘો અને અન્ય મોટી ગરોળીઓ, શાહુડી અને એનું કુટુંબ તથા શેળો સિવાયના એના અન્ય સગાં-સંબંધીઓ જેવાં નાનાં પ્રાણીઓ સરઘસના અંત ભાગમાં ચાલતાં હતાં. એક પ્રાણીની પીઠ પરથી બીજા પ્રાણીની પીઠ પર કૂદકા મારતા થોડા તીતીઘોડા પણ હતા, અને રસ્તાની બાજુ પર આવેલા ઘાસમાં કેટલાય સાપ સરકતા જતા હતા.



આ બધાં પ્રાણીઓ માટે દૂર-સુદૂરમાં જોખમનો કોઈ અણસાર છે કે કેમ તે જોવા માટે ઊંચે આકાશમાં સમડી અને બાજ ઊડતાં ઊડતાં ચોતરફ નજર નાખી રહ્યાં હતાં. એમાંના એકાદ-બેની લોલુપ નજર સફેદ ઉંદર અને સાપ પર પણ પડતી હતી, પરંતુ એમના સાથી-પક્ષીઓએ એમને કડક શબ્દોમાં હાલ પૂરતું પોતાની લાલચ પર કાબૂ રાખવાનું સમજાવી દીધું હતું.

અને શેળો ક્યાં હતી? આ જોખમ સામે સૌપ્રથમ ખતરાની ઘંટડી વગાડવા બદલ સન્માન આપવા એને સૌથી આગળ ઘુડખર અને અન્ય મોટાં પ્રાણીઓ સાથે ગર્વભર્યું સ્થાન આપવામાં આવ્યું હતું. શેળોનાં માતા-પિતા પણ ત્યાં હાજર હતાં. એમને એમની નાનકડી શેળો અંગે ફિકર તો થતી હતી, પરંતુ સાથેસાથે તેઓ ગર્વ પણ અનુભવતાં હતાં.






શેળોને સાથે રાખીને સરઘસને દોરતા ઘુડખરે, એમનાં રહેઠાણોનો નાશ કરવા આવેલી કંપનીના ખટારાને ઓળખી કાઢ્યો. "એય શેળો," એણે બૂમ પાડીને શેળોને પૂછ્યું, "શાહુડીએ આપેલાં પીછાંમાંથી તારી પાસે કાંઈ બચ્યું છે?" શેળોને વધારે કશું સમજાવવાની જરૂર નહોતી. પોતાની ચાંચમાં સાવચેતીથી પીછાં પકડીને ચાલતા બગલા તરફ જોઇને એણે ઈશારો કર્યો. તરત જ, પેલા વાહનના ટાયરની જે દશા થઇ હતી તેવી જ દશા આ ખટારાના બે ટાયરની થઇ. એનો ધડાકો પણ ખૂબ મોટો હતો. ખટારાની બારી પાસેથી પસાર થતા ઊંટે (અંદર નજર નાખી શકે એવો એ જ એકમાત્ર હતો) ખટારામાં બેઠેલા લોકોને લુચ્ચું સ્મિત આપ્યું, અને વિવેકથી પૂછ્યું, "તમે અમારા સરઘસમાં જોડાશો? ...આમ પણ હવે તમારે ચાલતાં જ પાછા જવું પડશે!"





એ જ સમયે શ્રી નિડાણી માટે એક ક્ષોભજનક પરિસ્થિતિ ઊભી થઇ ગઇ. 'કચ્છ ટાઈમ્સ'નો એક પ્રતિનિધિ એ જ ક્ષણે ત્યાં આવી પહોંચેલો અને એણે આ આખી ઘટના કેમેરામાં કેદ કરી લીધી! "તમને કેવી રીતે ખબર પડી," શેળોએ પૂછ્યું, "કે અમે આવી રહ્યાં છીએ?" પરંતુ પ્રતિનિધિને જવાબ આપવાની જરૂર ન પડી, એની પાછળ જ સુલેમાનકાકા આવતા હતા. "તને લાગે છે કે પાડો કોઈ વાત ગુપ્ત રાખી શકે? તમારી આ યોજનાની વાત એણે મને ગઇ કાલે જ જણાવી દીધેલી! અને અલબત્ત, હું તમારી સાથે સહમત હતો એટલે મેં જઈને આ આખી ઘટનાને આવરી લેવા શ્રી રસિકલાલનો સંપર્ક કર્યો."



અને આમ, સેંકડો પ્રાણીઓ અને બે માનવીઓના ઉત્સાહથી થનગનતા આ સરઘસે કચ્છની રાજધાની ભુજ તરફ પ્રયાણ કર્યું. ત્યાં સુધીમાં, આ વિચિત્ર સરઘસના સમાચાર આખા શહેરમાં પ્રસરી ગયા હતા અને ભુજની પ્રજા એ જોવા માટે રસ્તાની બંને બાજુએ એકઠી થઇ ગઈ હતી. “મમ્મી,” એક નાની બાળા બોલી ઊઠી, “ગણતંત્ર દિવસના પેલા નીરસ સરઘસ કરતાં આ સરઘસ કેટલું મઝાનું છે!” “શ...” એની માએ જરાક ઠપકો આપી એને આગળ બોલતી અટકાવી. એને ડર લાગ્યો કે ક્યાંક કોઈ સાંભળી જશે તો એવું માનશે કે એની દીકરી દેશભક્ત નથી. પણ મનોમન તો એ પણ એની દીકરી સાથે સહમત હતી!





ભુજમાં દાખલ થયા પછી લગભગ અડધે રસ્તે પહોંચતાં સુધીમાં તો સરઘસમાં ભાગ લેનારાં પ્રાણીઓમાં ઘણો વધારો થઇ ગયો હતો. શહેરમાં રહેતાં કેટલાંય પ્રાણીઓ પણ સરઘસમાં જોડાઈ ગયાં હતાં. એમાં નોળિયા, મોટા ઉંદર, બતક અને કલહંસના ટોળા તેમ જ ભાગ્યે જ બહાર દેખાતા હોય એવા કેટલાય સાપ અને ગરોળી હતાં. ભુજની પ્રજાને પહેલી જ વાર પ્રતીતિ થઇ કે એમની આસપાસ કેટલાં બધાં જંગલી પ્રાણીઓ રહેતાં હતાં! ઉપર નજર કરતાં એમને આ સરઘસ પાછળનો હેતુ બરાબર સમજાઇ ગયો. ઘણાં બધાં બતકો એક મોટું કાપડ પકડીને એકસાથે ઊડતાં હતાં, એના પર લખેલું “કચ્છ માત્ર માનવીઓ માટે નથી!”



ધીરે ધીરે એ સરઘસ કચ્છના જિલ્લા નિયામકના કાર્યાલય તરફ વળ્યું. બધાં પ્રાણીઓને એમ કહેવામાં આવેલું કે જિલ્લા નિયામકશ્રી આ પ્રદેશના રાજા છે, અને કારખાના, રસ્તા તેમ જ માનવીઓએ ઊભા કરેલા અન્ય હાનિકારક બાંધકામો કરવાની પરવાનગી એમને હસ્તક હોય છે. ત્યાં, જિલ્લા નિયામકના કાર્યાલયની બહાર એક બીજું સુખદ આશ્ચર્ય નજરે પડ્યું... ત્યાં ઘણા માનવીઓ આ પ્રાણીઓ સાથે સહમતિ દર્શાવતા પોસ્ટરો લઈને ઊભા હતા. એમાં વિવિધ પ્રદેશના માલધારીઓ, મીઠાના અગરોમાં કામ કરતા અગરિયા અને કચ્છ નવનિર્માણ અભિયાનમાં જોડાયેલી કેટલીયે સ્થાનિક સંસ્થાના સભ્યો હતા. સરઘસમાં જોડાયેલાં નાનાં બચ્ચાંઓને પ્રોત્સાહન આપવા કેટલાક શાળાના વિદ્યાર્થીઓ પણ ત્યાં હાજર હતા. ઘુડખર, શેળો, ઘો, બગલો અને શાહુડી જિલ્લા નિયામકના કાર્યાલયનાં પગથિયાં ચડ્યાં એવી જ ત્યાં ઊભેલા સૌએ આનંદની કિકિયારી પાડી. સુલેમાનકાકા પણ આ પ્રાણીઓ સાથે જોડાયા હતા.






આ તબક્કે પ્રાણીઓને ત્રીજું સુખદ આશ્ચર્ય જોવા મળ્યું. (અમે તમને કહેલું ને કે અહીં બધું ત્રણ વાર થાય છે!) જિલ્લા નિયામકશ્રીએ એમને ઉષ્માભર્યો આવકાર આપ્યો, એટલું જ નહિ, એ લોકો પોતાના પ્રશ્નોની રજૂઆત કરે તે પહેલાં જ એમણે જાહેરાત કરી દીધી કે “તમારી ફરિયાદ શું છે તે અમે જાણીએ છીએ અને એ જગ્યાએ કારખાનું નાખવાના અમારા નિર્ણયની ફેરવિચારણા કરવાનું અમે શરૂ પણ કરી દીધું છે. આ પ્રશ્ન તો છેક અમદાવાદ અને દિલ્હી સુધી પહોંચ્યો છે.”

“કેવી રીતે?” આશ્ચર્ય પામેલાં પ્રાણીઓ એકીસાથે બોલી ઊઠ્યાં. સુલેમાનકાકાએ જણાવ્યું, “તમારી કથની સાંભળીને મેં કેટલાંક વર્તમાનપત્રોનો સંપર્ક કર્યો. મેં એમને સમજાવ્યું કે આ ઘાસિયાભૂમિ, તળાવ અને રણ તમારે માટે તેમ જ અમારે માટે ઘણાં મહત્ત્વનાં છે. મેં એમને કહ્યું કે આ વિસ્તારમાં વિકાસનું કોઈ પણ કાર્ય કરવું હોય તો તે અમારી અને તમારી બંનેની સંમતિથી જ થવું જોઈએ. અને આવું કારખાનું ઊભું કરવાને ખરો વિકાસ ન કહેવાય!”





ઘુડખરને થોડી રીસ ચડી ગઈ, કારણ કે જિલ્લા નિયામકને સમજાવવા માટે એણે લાંબુ ભાષણ તૈયાર કરેલું. શેળોએ પણ તેનું એક ભાષણ યાદ કરી રાખેલું! પણ હવે એમાંથી કશાની જરૂર નહોતી રહી. પરંતુ એવામાં, આસપાસમાં ઊઠેલો મોટો વિજયનાદ સાંભળી ઘુડખર અને શેળો બંને પોતાની નિરાશા તરત ભૂલી ગયા. ભુજે અગાઉ કદી ન સાંભળ્યું હોય એવા વિધવિધ પ્રકારના અવાજોનું એ મિશ્રણ હતું: ઉત્સાહની કિકિયારી, જીતના ગર્વમાં વાગતા રણશિંગા જેવી દહાડો, પોતાની મસ્તીમાં રાચતા પ્રાણીઓના ઘુઘવાટા, હિસકારા, ફૂંફાડા, હણહણાટ અને પાંખોનો ફડફડાટ, આનંદમાં નાચતા પ્રાણીઓના પગની ખરી પછડાવાના અવાજો, ભસવાના અવાજો સાથે તાલ મિલાવતા ડ્રાઉ-ડ્રાઉ - આવા અનેક અવાજોના જબરજસ્ત મિશ્રનાદથી ગગન ગાજી ઊઠ્યું!



ઘરે પાછા ફરતી વેળાએ શેળોને યાદ આવ્યું કે એણે હજી ઘો કાકાને તેમની ફાંટાવાળી જીભ અંગે પૂછવાનું બાકી હતું. એ ગબડતી-ગબડતી ઘુડખર પાસે પહોંચી ગઈ, ઘો કાકા ઘુડખરની પીઠ પર સવાર થયેલા હતા. (છેક ભુજ સુધી ચાલીને ઘો કાકા ખૂબ થાકી ગયા હતા.) શેળોએ જોયું તો ઘો કાકા ઘુડખરની પીઠ પર બંને બાજુએ પોતાનું શરીર પ્રસરાવીને ઘસઘસાટ ઊંઘી ગયેલા. એમના મોંમાંથી થોડીક બહાર નીકળી પડેલી એમની જીભ દેખાતી હતી. એમને જગાડવાનો શેળોનો જીવ ન ચાલ્યો. એણે મન મનાવી લીધું કે ફાંટાવાળી જીભનું એ રહસ્ય જાણવા એણે હજી બીજી કોઈ મોટી ઘટનાની રાહ જોવી પડશે!



નાનકડી શેળો પશ્ચિમ ભારતમાં આવેલા ગુજરાત રાજ્યના એક સુંદર સ્થળ, કચ્છમાં રહે છે. એક દિવસ શેળો પોતાના ઘરની આસપાસ કેટલાક વિચિત્ર માણસોને જુએ છે. તેઓ અહીં શું કરતા હશે? એ માણસોની યોજના વિષે જાણીને શેળોના મનમાં ગભરાટ થાય છે. કચ્છની ઘાસિયાભૂમિ, તળાવો તથા રણમાં રહેતા વિવિધ પ્રાણીઓને એ એકઠા કરે છે. પોતાની જમીન, પોતાનાં ઘરો બચાવવા એ પ્રાણીઓ શું કરી શકે? જાણવા માટે આગળ વાંચો...

